ગાંધીનગર સમાચાર

ગાંધીનગરના યુવા પ્રજ્ઞાચક્ષુની અનોખી સફળતા

# શહેરમાં ઠંડીનું અચાનક આગમન


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૩

ગુરૂવારની રાત્રે મોસમની સૌથી વધુ ઠંડી અનુભવાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિ.સે. જેટલું નોંધાતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ૨૪ કલાકમાં જ લઘુત્તમ તાપમાનમાં ૬ ડિગ્રી જેટલો ઘટાડો થયો હતો.

અગાઉ કરવામાં આવેલ આગાહી અનુસાર જ ડિસેમ્બર માસ શરૂ થતા જ ગાંધીનગરમાં ઠંડીમાં વધારો થયો છે. હજુ એક દિવસ પહેલાં જ લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતું. તેમાં માત્ર ૨૪ કલાકમાં જ ૬ ડિગ્રી જેટલો ઘટાડો થયો હતો. જેના કારણે ગુરૂવારની રાત સૌથી વધુ ઠંડી બની હતી. ૧૧.૨ ડિ.સે. લઘુત્તમ તપમાન સાથે ગુરૂવારનો દિવસ મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. ઠંડા પવનોના કારણે મધ્યરાત્રિએ ઠંડી વધી હતી. જેન ાકારણે ઘરમાં પણ પંખા બંધ કરવાની ફરજ પડી હતી.

**એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી જેટલું ઘટી જતાં મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઈ**

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતને નવા પ્રમુખ આ માસના અંત પહેલાં મળશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખપદને લઈ પરિણામો જાહેર થયા પછી રાજકીય અટકળોનો દોર શરૂ થયો છે. હજુ આ અંગે કોઈ કશુ જ બોલવા તૈયાર નથી. જોકે પંચાયતના નવા પ્રમુખ ડિસેમ્બરના અંતમાં મળશે તેવા સંકેતો રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

જિલ્લા પંચાયતના પ્રમુખની બેઠક સામાન્ય બની હોવાથી તેમજ ૨॥ વર્ષની મુદત માટે જ નિમણુંક થવાની હોવાથી હજુ રાજકીય આગેવાનો પણ આ મુદ્દે મૌન છે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રમુખપદની પસંદગી અંગે પ્રદેશમાંથી નિરીક્ષકોની ટીમ આવશે અને સભ્યોને મળી તેમના મત જાણી સર્વસંમત ઉમેદવારની પસંદગી કરાશે. પરંતુ આ બધી પ્રક્રિયા હજુ આગામી સપ્તાહ પછી શરૂ થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતના પ્રમુખોની પણ પસંદગી કરવામાં આવશે. કલોલ અને માણસાની પ્રમુખપદની બેઠક સામાન્ય છે જ્યારે દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખપદની બેઠક સ્ત્રી સામાન્ય નિયત કરાયેલ છે.

હવે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નવી પંચાયતની રચના અંગેનું વિધિવત જાહેરનામુ પ્રસિદ્ધ થયા પછી પંચાયતની પ્રથમ બેઠક યોજવાની તારીખ વિકાસ કમિશનર તરફથી જાહેર થયેથી બેઠક મળશે. આ બધી પ્રક્રિયામાં એકાદ પખવાડિયાનો સમય લાગી જશે તેમ રાજકીય વર્તુળોનું માનવું છે.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતા સંકેતો પ્રમાણે ડિસેમ્બરના ત્રીજા અથવા ચોથા સપ્તાહમાં જિલ્લા પંચાયતને નવા પ્રમુખ મળશે.

# શહેરના ઉદ્યાનોને પાણી પુરું પાડવા આઠ કરોડના ખર્ચે પાઈપલાઈન

ગાંધીનગર તા ૩

શહેરના ઉદ્યાનોમાં પાણીની જરૂરીયાતને પહોંચી વળવા માટે સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે.જયારે પાઈપલાઈનનુ કામ પણ પુર્ણ થતા ટુંકમાં નગરના સરીતા ઉદ્યાન તેમજ પુનિત વન તેમજ સે-૧ તળાવ સહીતના વિસ્તારમાં પાણી સપ્લાય કરવામાં આવશે.

**પુનિત વન,સરિતા ઉદ્યાન, તેમજ સે-૧ ના તળાવની રોનક પણ નિખરશે**

શહેરમાં પાણીની જરૂરીયાત સંતોષવાનુ કામ દિનપ્રતિદિન મુશ્કેલ બન્યુ છે. શહેરમાં રોજ અંદાજીત ૫૫ એમ એલ ડી પાણીનો વપરાશ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે નગરના ઉદ્યાનોને પાણી પુરુ પાડવાનુ તંત્ર માટે મુશ્કેલ બન્યુ હતુ જેના પરિણામે શહેરના બગીચાઓને પાણી પુરુ પાડી હરિયાળી બારકરાર રાખવા માટે સરગાસણમાં પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવાયો હતો. જેના આધારે નગરનુ દુષિત પાણી શુધ્ધ કરીને બગીચાઓને સપ્લાય કરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ યોજના અન્વયે પ્રથમ તબક્કામાં સ્વર્ણિમ પાર્કને પાણી સપ્લાય કરવામાં આવતુ હતુ. જયારે નગરના સરીતા ઉધાન તેમજ પુનિત વન સે-૨૮ બાલોદ્યાન તેમજ સે-૧ ના તળાવ અને બગીચાઓને પણ બીજા તબક્કામાં પાણી પુરુ પાડવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે અન્વયે પાણીની પાઈપલાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.સેકટરોના ઉદ્યાનોને પાણી સપ્લાય કરવા પાઈપલાઈનનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ અંદાજીત ૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ટુંકમાં જ શહેરના અન્ય ઉદ્યાનોને આ નવી વ્યવસ્થાના આધારે પાણી સપ્લાય કરવામાં આવશે.જેમાં સે-૧ ના ખાલી તળાવને પણ પાણીનો સપ્લાય આપવામાં આવે તો આ વિસ્તારની પણ રોનક નિખરી ઉઠશે. આ કામગીરીના અંતે શહેરના ઉદ્યાનોને પાણી પુરુ પાડવાનુ સરળ બનશે.


(તસવીર : કશ્યપ નિમાવત)

સ્વચ્છતા ત્યાં પ્રભુતા - સ્વચ્છ ગાંધીનગ - સ્વસ્થ ગાંધીનગરની ઝુંબેશ મનપા દ્વારા કાર્યાન્વિત કરાઈ છે... ખૂણેખાચરેથી કચરો શોધી-શોધીને હટાવાઈ રહ્યો છે... છેલ્લા પંદર દિવસથી શહેરમાં અસરકારક સ્વચ્છતા ઝુંબેશ ચાલે છે... આમ છતાં હજુ ગલી-ગુંચીઓમાં ગંદકીના ઢગલા તો છે જ... શહેરને સ્વચ્છ બનાવવાની જવાબદારી તંત્રની છે પરંતુ નાગરિકોની પણ છે... શહેરના નાગરિકો સક્રિય બની તંત્રના માધ્યમથી સ્વચ્છતા અભિયાનને મદદગારીની ભૂમિકા અદા કરે તો કામને વધુ વેગ અને વ્યાપ મળશે... સાથે સ્વયં શિસ્ત પણ એટલી જ આવશ્યક છે... આપણે ગંદકી ફેલાવવાનું બંધ કરશું તો શહેર આપોઆપ સ્વચ્છ બની જશે....

# પંચાયતોના પરિણામોની કેબીનેટ બેઠકમાં સમીક્ષા

ગાંધીનગર, તા. ૩

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જિલ્લા તાલુકા પંચાયતોમાં ભાજપને મળેલા કારમા પરાજય અંગે આજે મળેલી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીના ગઈકાલે જાહેર થયેલા પરિણામોમાં ભાજપને શહેરી વિસ્તારોની મહાપાલીકા, નગરપાલિકામાં વિજય મળ્યો છે. જો કે જિલ્લા તાલુકા પંચાયતો કારમો પરાજય થતાં મહાપાલીકા નગરપાલિકાના વિજયનો આનંદના બદલે જિલ્લા તાલુકા પંચાયતના પરાજયનો સદમો નેતાઓના ચહેરાઓ પર જોવા મળી રહ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ આજે મળેલી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં જિલ્લા તાલુકા પંચાયતોમાં ભાજપને મોટા પ્રમાણમાં થયેલ નુકશાન અને મળેલ પરાજય અંગે સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ભાજપના પરાજયના કારણો શું છે, ગ્રામ્ય વિસ્તારોમાં રાજ્ય સરકારે અમલમાં મુકેલી યોજનાઓનો લાભ પહોંચ્યો છે કે નહી આ તમામ કારણોની સમીક્ષા કરીને ગ્રામ્ય વિસ્તારમાં ફરીને ભાજપ તરફી વાતાવરણ બનાવવા સહીતની બાબતો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# સરકાર સહકારી સંસ્થાઓને સસ્તા ભાવે જમીન ફાળવશે

અમદાવાદ,તા. ૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજયના ખેડૂતો અને પશુપાલકોને વધુ સરળ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, કૃષિવિષયક ધિરાણ સરકારી મંડળીઓ તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જિલ્લા-તાલુકા ખરીદ વેચાણ સંઘો જેવી સરકારી સંસ્થાઓને રાહતદરે સરકારી જમીન ફાળવવાનો મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. ખેડૂતો જે ખેત પેદાશોનું ઉત્પાદન કરે છે તેની જાળવણી માટે તેમજ ખાતર, બિયારણ, દવાઓ વગેરે સુરક્ષિત રાખવા માટે ગોડાઉનો બનાવવા માટે આવી જમીન મળી રહે તેમજ જરૂરિયાત મુજબ ધરતીપુત્રોને આ સુવિધા સરળતાથી નજીકના સ્થળેથી મળે તેવો કિસાન હિત અભિગમ આ ઐતિહાસિક નિર્ણયનો રહેલો છે. આવી ફાળવણી થયેલ જમીનના ૩૦ ટકા જમીન ફક્ત ખેડૂતો માટેના ખાતર, બિયારણ, દવાઓ તેમજ જસણીઓના સ્ટોરેજ માટે ગોડાઉન

**એપીએમસી, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જિલ્લા-તાલુકા ખરીદ વેચાણ સંઘો વગેરેને ૭ હજાર એકર સરકારી જમીન ફાળવવા કેબિનેટનો નિર્ણય**

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના યુવા પ્રજ્ઞાચક્ષુ ભૂપેન્દ્ર ત્રિવેદીની અનોખી સફળતા

ગાંધીનગર, તા. ૩

"રસ્તે પડ્યાં તો રણ મહીં રસ્તા પડી ગયાં
બેસી રહ્યા જે કિનારે તે ભૂલાં પડી ગયાં"

આ પંક્તિઓને સાચા અર્થમાં ગાંધીનગરના એક પ્રજ્ઞાચક્ષુ યુવાને ચરિતાર્થ કરી બતાવી છે. ભુપેન્દ્ર ત્રિવેદી નામના આ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીએ દેશભરમાં ખુબજ મહત્વની કહેવાય તેવી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગ્રેડ-બી ડાયરેક્ટ રિક્રુટમેન્ટ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ તાલીમ માટે પસંદગી પામનાર સમગ્ર ગુજરાતનો સૌપ્રથમ બ્લાઈન્ડ સ્ટુડન્ટ બન્યો છે. આ યુવાને મજબૂત ઈરાદા સાથે સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી તે સાબિત કરી દેખાડી અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ ઉદાહરણ બન્યો છે.

સમગ્ર ભારતમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સીધી ભરતી પ્રક્રિયા માટે ગ્રેડ-બીની પરીક્ષા લેવાય છે. સ્નાતક થયા પછી આપી શકાતી આ પરીક્ષામાં કુલ ૧૧૦ બેઠકોમાં પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો માટે માત્ર બે જ બેઠકો હોય છે. આ બે બેઠકોમાંથી એક માટે સમગ્ર ગુજરાતમાંથી સૌ પ્રથમ પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર તરીકે ભુપેન્દ્ર ત્રિવેદી પસંદગી પામ્યા હતા. અને તેમણે તે પરીક્ષામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ઉત્તીર્ણ થઈ હાલ તેઓ ચેન્નઈ ખાતે સાડા ત્રણ મહિનાની તાલીમ મેળવી રહ્યાં છે.



**સમગ્ર ગુજરાતમાંથી આરબીઆઈની ગ્રેડ-બી પરીક્ષા પાસ કરનાર એક માત્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી : ૬ માસમાં આરબીઆઈની તમામ પરીક્ષાઓ પાસ કરી**

● અનુસંધાન પાન-૭ પર

# ગુણોત્સવને પગલે આગામી સપ્તાહમાં બેઠકોનો દોર

ગાંધીનગર, તા. ૩

આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર ગુણોત્સવના આગોતરા આયોજન માટે આગામી સપ્તાહથી જિલ્લાનું શિક્ષણતંત્ર બેઠકોનો દોર શરૂ કરનાર છે.

ગુણોત્સવ એ શાળાઓમાં અપાતા શિક્ષણનું મૂલ્યાંકન કરવાનો નવતર અભિગમ છેલ્લા પાંચ વર્ષથી સરકારે હાથ ધરેલ છે. આ વર્ષે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને દિપાવલી પર્વને ધ્યાને રાખી આ કાર્યક્રમ હવે જાન્યુઆરીમાં હાથ ધરાય તેવા સંકેતો શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

ગુણોત્સવ દરમ્યાન બાળકની લેખન, ગણન,વાંચન તેમજ શાળાની ભૌમિક સુવિધાઓ સહિતની બાબતોનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવે છે અને તેને આધારે શાળાઓનું ગ્રેડેશન પણ કરવામાં આવે છે. જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી ગુણોત્સવનું પરિણામ સુધર્યું છે.

જિલ્લામાં ગુણોત્સવમાં નબળા પરિણામો મેળવનાર શાળાઓને દત્તક આપવા અંગેનો નિર્ણય જિલ્લા શિક્ષણની સંકલન સમિતિની મળેલ બેઠકમાં જ લેવાયો હતો જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે ગુણોત્સવની તૈયારીઓ માટે અલગ અલગ બેઠકોનો દોર તંત્ર દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જેમાં મોનીટરીંગ ટીમ, બી.આર.સી., સી.આર.સી. તેમજ શાળાના આચાર્યો સાથે બેઠક યોજાશે. આ બેઠકોના દોર દરમ્યાન રમતોત્સવ બાળમેળા સહિતના આયોજન અંગે પણ સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ગુણોત્સવ પૂર્વે જિલ્લામાં અલગ અલગ ટીમો રચી અને પણ મૂલ્યાંકન શાળાઓના શિક્ષણને લઈ કરવાનું આયોજન પણ બેઠકો દરમ્યાન નિયત કરાય તેમ મનાઈ રહ્યું છે. જે પ્રિ. ગુણોત્સવ તરીકે ગણવામાં આવશે. ગત વર્ષે આવો પ્રિ. ગુણોત્સવ યોજવામાં આવ્યો હતો. જિલ્લામાં છેલ્લા ગુણોતસ્વ દરમ્યાન ૧૪૭ જેટલી શાળાઓ સી અને ડી ગ્રેડમાં આવી હતી જ્યારે બી ગ્રેડ મેળવનારી શૈક્ષણિક સંસ્થાઓમાં ઘટાડો નોંધાયો હતો જે ઉલ્લેખનીય છે.

**પ્રિ-ગુણોત્સવનું આયોજન કરવાની સંભાવના : ૧૪૭ શાળાઓ છેલ્લા ગુણોત્સવમાં સી અને ડી ગ્રેડમાં હતી**


देना बैंक DENA BANK (A Government of India Enterprise)

**ગાંધીનગર ઝોનલ ઓફિસ :** દેનાલક્ષ્મી બિલ્ડિંગ, પહેલો માળ, ઘ-૪, ગાંધીનગર-૩૮૨૦૧૬.
**ફોન :** ૦૭૯-૨૩૨૨૦૧૪૪, ૨૩૨૨૦૧૫૪ **ઇ-મેઇલ :** zo.gandhinagar@denabank.co.in

**કબજા નોટિસ [રૂલ ૮(૧)]**

દેના બૅન્કના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઈઝેશન ઍન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનેન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૯ સાથે વાંચતા મળેલ સત્તાની રૂએ તેના ઋણકર્તા/જામીનદારોને ૬૦ દિવસમાં બૅન્કના નાણાં ચૂકવી દેવામાંગણા નોટિસ મોકલી હતી. ઋણકર્તા/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે. આથી નીચે દર્શાવેલ ઋણકર્તા અને જાહેરજનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારીએ નીચે દર્શાવેલ મિલકતનો ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪)ને નિયમ નં. ૯ સાથે વાંચતા તેને મેળવેલ સત્તાની રૂએ સાંકેતિક કબજો મેળવેલ છે. ઋણકર્તાઓને વિશેષ પણે અને જાહેરજનતાને નીચેની વિગતોવાળી મિલકતનો સોદો નહીં કરવા ચેતવવામાં આવે છે. તેવા કોઈ પણ સોદા ઋણકર્તાઓની સામે જણાવેલ રકમ માટે દેના બૅંકના બોજાને આધીન રહેશે. મિલકતનું વર્ણન અને ઋણકર્તા/જામીનદારોની વિગતો તથા બાકી દેવાં વગેરે નીચે પ્રમાણે છેઃ

| ક્રમ નં. | ઋણકર્તાનું નામ અને સરનામું | જમીનદારનું નામ અને સરનામું | દેના બૅંકની ધિરાણ આપનાર શાખાનું નામ | માંગણા નોટિસ તારીખ | નોટિસમાં જણાવ્યા પ્રમાણે બૅંકની બાકી રકમ | બૅંકે કબજે લીધેલ મિલકતની વિગતો | સિક્યોરિટીઝ મિલકતનો કબજો લીધા તારીખ | અધિકૃત અધિકારી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભરતભાઈ ફુલાભાઈ શર્મા રહેવાસી : વાઘજીપુર પંચાયત, તાલુકો : કપડવંજ જિલ્લો : ખેડા, ગુજરાત. **અહીંપણ :** વેત્રવતી હોટેલ, મોજે ઊંટડિયા મહાદેવ, વાઘજીપુર પંચાયત તાલુકો : કપડવંજ, જિલ્લો : ખેડા, ગુજરાત. | અ) દીપકકુમાર જગદીશચન્દ્ર શર્મા રહેવાસી : દેવકરણના મુવાડા તાલુકો : દહેગામ જિલ્લો : ગાંધીનગર (ગુજરાત) બ) પ્રજ્ઞેશ જશુભાઈ શર્મા મોજે બારિયા, તાલુકો : દહેગામ જિલ્લો : ગાંધીનગર, ગુજરાત. | દેવકરણના મુવાડા શાખા | ૨૭-૦૭-૨૦૧૫ | ₹ ૭.૨૪/- લાખ + વ્યાજ અને પીનલ ઈન્ટરેસ્ટ | મોજે : ઊંટડિયા મહાદેવ, વાઘજીપુર પંચાયત, તાલુકો : કપડવંજ, જિલ્લો : ખેડા(ગુજરાત) ખાતે સ્થિત પંચાયત પ્રોપર્ટી નં. ૪૮૬, ક્ષેત્રફળ ૫૪.૨૫ ચો.મી. અને બાંધકામ વિસ્તાર લગભગ ૧૦૮.૦૦ ચો.મી. માં પ્રસ્થાપિત વેત્રવતી હોટેલ | ૩૦-૧૧-૨૦૧૫ **સાંકેતિક કબજો** | મુખ્ય પ્રબંધક દહેગામ શાખા |
| ૨ | વિષ્ણુપ્રસાદ ગાંડાલાલ પટેલ રહેવાસી : ૮, પટેલ ફળિયું, ગંભીરપુરા, તલોદ, જિ. સાબરકાંઠા | રોનક અજિતભાઈ પટેલ ૨૦૧, દેસાઈનગર સોસાયટી વિસ્તાર, તલોદ, જિ. સાબરકાંઠા | તલોદ શાખા, જિ. સાબરકાંઠા | ૧૩-૦૭-૨૦૧૫ | ₹ ૧૩,૮૪,૮૮૭.૫૮ + વ્યાજ અને પીનલ ઈન્ટરેસ્ટ | શીટ નં. ૨૮, રેવન્યૂ સર્વે, સીટી સર્વે નં. ૨૯૯૬ અને ૨૯૭૦ પૈકી, ૨૨૧/બી, ક્ષેત્રફળ ૭૪.૮૨ ચો.મી. એન પી.નં. ૪૦૧૬, તાલુકો : તલોદ, જિ. સાબરકાંઠા (ગુજરાત). | ૦૧-૧૨-૨૦૧૫ **સાંકેતિક કબજો** | મુખ્ય પ્રબંધક તલોદ શાખા |

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૦૨-૧૨-૨૦૧૫**

**દેના બૅંક વતી**
**અધિકૃત અધિકારી**



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com